# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં.                                                                 તા: ૧૩/૦૭/૨૦૧૭

તંત્રી શ્રી. ____________________                                         સુરત

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ.

નિલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

**હળપતિ સમાજના બ્રેનડેડ અમિત રમણભાઈ હળપતિ ના પરિવારે કીડની, લિવર, પેન્કીયાસ, હૃદય અને ચક્ષુઓનું દાન કરી ચાર વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી.**

**સુરતમાંથી ૧૨માં હૃદયનું દાન.**

**સુરત નવી સિવિલ હોસ્પીટલથી ૨૭૭ કિ. મી નું અંતર ૮૫ મીનીટમાં કાપીને હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ મુસ્લિમ યુવકમાં અમદાવાદની સીમ્સ હોસ્પીટલમાં કરવામાં આવ્યું.**

**ગુજરાતમાં હૃદય ટ્રાન્સપ્લાન્ટનો ત્રીજો બનાવ જેમાંથી બે હૃદય સુરત દ્વારા આપવામાં આવ્યા.**

નામ : અમિત રમણભાઈ હળપતિ ઉ. વ. ૨૧ બ્લડ ગ્રુપ: A+VE

વ્યવસાય : ડ્રાઈવર તરીકે કામ કરતો હતો.

રહેવાસી : હળપતિવાસ, મુ. પો: ખાપરીયા, તા: ગણદેવી, જી: નવસારી.

કૌટુંબિક વિગત : માતા : ઉર્કીબેન રમણભાઈ હળપતિ ઉ. વ. ૪૦

ભાઈ : અજય રમણભાઈ હળપતિ ઉ. વ. ૩૦

ગામમાં ખેત મજુરીનું કામ કરે છે.

બેન : દક્ષા રાકેશભાઈ હળપતિ ઉ. વ. ૨૫

૨...


Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626


Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવની વિગત:</u>

શનિવાર તા: ૮ જુલાઈના રોજ અમિત સાંજે ૮.૩૦ કલાકે પોતાના ગામ ખાપરીયાથી બીલીમોરા પોતાના મિત્ર વિક્રમ સાથે બાઈક ઉપર જતો હતો ત્યારે આંગા ગામ પાસે અચાનક કુતરું રસ્તા વચ્ચે આવી જવાથી વિક્રમે બ્રેક મારતા બાઈક સ્લીપ થઇ જતા અમિત બાઈક ઉપરથી નીચે પડી ગયો હતો અને માથામાં ગંભીર ઈજાઓ થવાથી બેભાન થઇ ગયો હતો. તેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં ખારેલમાં આવેલ ગ્રામ સેવા ટ્રસ્ટની હોસ્પિટલમાં દાખલ કર્યો ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પીટલમાં ડૉ. જીગ્નેશ શાહ અને ડૉ. મેહુલ મોદીની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યો. નિદાન માટે CT સ્કેન કરાવતા મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદીએ ક્રેનીયોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દુર કર્યો હતો.

બુધવાર તા: ૧૨ જુલાઈના રોજ ન્યુરોફીઝીશ્યન ડૉ.પરેશ ઝાંઝમેરા અને ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદીએ અમિતને બ્રેનડેડ જાહેર કર્યો.

સર્જીકલ ICU ના રેસીડન્ટ ડૉ. નિલેશ કાછડીયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી અમિતના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી સર્જીકલ ICU ના રેસીડન્ટ ડૉ. નિલેશ કાછડીયા સાથે રહી અમિતના માતૃશ્રી ઉર્મીબેન, ભાઈ અજય, બનેવી રાકેશ, તેમજ ગામના અન્ય લોકોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

અમીતના માતૃશ્રી ઉર્મીબેન, ભાઈ અજય અને બનેવી રાકેશે જણાવ્યું કે અમે ગરીબ પરિવારના છીએ જીવનમાં બીજુ કઈ દાન કરી શકીએ તેમ નથી. પરંતુ આજે જ્યારે અમારું સ્વજન બ્રેનડેડ છે ત્યારે તેઓના અંગોનું દાન કરીને ચાર-પાંચ વ્યક્તિોને નવું જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નિલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કૉ.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું જ્યારે સીમ્સ હોસ્પીટલના ટ્રાન્સપ્લાન્ટ

3...

**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation




કો.ઓર્ડીનેટર નિખીલ વ્યાસ અને ચીફ ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. ધવલ નાયકનો સંપર્ક કરી હૃદયનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની સીમ્સ હોસ્પીટલના ડૉ. ધવલ નાયક અને તેમની ટીમે આવી હૃદયનું દાન સ્વીકાર્યું.

કિડની, લીવર અને પેન્ક્રીઆસનું દાન અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમે આવી સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન નવી સિવિલ હોસ્પીટલના ડોક્ટરોએ સ્વીકાર્યું.

સુરત નવી સિવિલ હોસ્પિટલથી અમદાવાદની સીમ્સ હોસ્પિટલ સુધીનું ૨૭૭ કિ. મી નું અંતર ૮૫ મીનીટમાં કાપીને દાનમાં મેળવવામાં આવેલા હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ આણંદના રહેવાસી સોહેલ વહોરા ઉ. વ. ૩૬ માં ડૉ. ધવલ નાયક અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની અને પેન્ક્રીઆસ અમદાવાદની રહેવાસી રીતિકા નીલેશ ભટ્ટ ઉ. વ. ૪૨ અને બીજી કિડની ગાઝિયાબાદ ઉત્તરપ્રદેશના રહેવાસી હિતેશ ગોયલ ઉ.વ. ૪૯ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર સુરતના રહેવાસી ભૌતિક કિશોરભાઈ પટેલ ઉ.વ. ૩૬ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બન્ને કિડની, પેન્ક્રીઆસ અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. પ્રાંજલ મોદી, ડૉ જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં અમિતના માતૃશ્રી ઉર્મીબેન, ભાઈ અજય, બનેવી રાકેશ, ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદી, ન્યુરોફીઝીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરા, સર્જરી વિભાગના પ્રોફેસર ડૉ. જીગ્નેશ શાહ, સર્જીકલ ICU ના રેસીડન્ટ ડૉ. નિલેશ કાછડીયા, ડૉ. દેવલ પરીખ, સુરત નવી સિવિલ હોસ્પીટલનો સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, CEO નીરવ માંડલેવાલા, નિર્મિત પટેલ, કેતીશ છેવાલા, અસ્ફાક શેખ, દેવેશ ભરૂચા, મયુર પામક, શાલિન કોલડીયા, સુભાષ જોધાણી, યોગેશ પ્રજાપતિ, ધવલ પ્રજાપતિ અને જીતેન્દ્ર ગોરેનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૧૧ કિડની, ૮૩ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૨ હૃદય અને ૧૮૦ ચક્ષુઓનો દાન મેળવીને ૪૮૯ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

૪...


**Nilesh Mandlewala** President +91 98256 09922 | **Sandeep Kumar, IRS** Vice President +91 81307 81031 | **Rakesh Jain** Hon. Secretary +91 98241 10349 | **Ramesh Malpani** Hon. Treasurer +91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam.
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



નવી સિવિલ હોસ્પીટલ થી સુરત એરપોર્ટ સુધીના માર્ગ તથા અમદાવાદ એરપોર્ટથી સીમ્સ હોસ્પિટલ સુધીના માર્ગને ગ્રીન કોરીડોર કરવા માટે સુરત અને અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રીનો સહકાર સાંપડ્યો હતો.

<u>કેડેવર હૃદય ડોનેશનની પ્રક્રિયા નો ઘટના ક્રમ</u>

૧. મળસ્કે ૩:૪૫ કલાકે કેડેવર ઓર્ગન ડોનર અમિત રમણભાઈ હળપતિને ઓપરેશન થીયેટરમાં શિફ્ટ કર્યા.

૨. સવારે ૦૬:૪૫ કલાકે અમદાવાદની સીમ્સ હોસ્પીટલના ચીફ ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. ધવલ નાયક અને તેમની ટીમ હૃદયનું દાન સ્વીકારી નવી સિવિલ હોસ્પિટલથી સુરત એરપોર્ટ જવાના રવાના થયા.

૩. સવારે ૦૭:૦૫ કલાકે ચીફ ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. ધવલ નાયક અને તેમની ટીમ સુરત એરપોર્ટ પહોચ્યા.

૪. સવારે ૦૭:૧૭ કલાકે સુરત એરપોર્ટથી ચાર્ટર વિમાનમાં ચીફ ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. ધવલ નાયક અને તેમની ટીમ હૃદય લઇ અમદાવાદ જવા રવાના થયા.

૫. સવારે ૦૭:૫૦ કલાકે ચીફ ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. ધવલ નાયક અને તેમની ટીમ અમદાવાદ એરપોર્ટ પહોચ્યા.

૬. સવારે ૦૭:૫૫ કલાકે ચીફ ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. ધવલ નાયક અને તેમની ટીમ અમદાવાદ એરપોર્ટથી CIMS હોસ્પિટલ જવા રવાના થયા.

૭. સવારે ૦૮:૧૦ કલાકે ચીફ ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. ધવલ નાયક અને તેમની ટીમ સીમ્સ હોસ્પિટલના ઓપરેશન થીયેટર દાખલ થયા અને હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ આણંદના રહેવાસી સોહેલ વહોરા ઉં. વ. ૩૬માં ડૉ. ધવલ નાયક અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

ભારતમાં ૧૯૯૪માં પહેલું હૃદય નું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. છેલ્લા ૧૯ મહિનામાં સુરતમાંથી હૃદય ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરવાનો આ બારમો બનાવ છે, જેમાંથી નવ હૃદય મુંબઈ, એક હૃદય ચેન્નાઈ અને બે હૃદય અમદાવાદ મોકલવામાં આવ્યા છે. ગુજરાતમાં સીમ્સ હોસ્પીટલમાં હૃદય ટ્રાન્સપ્લાન્ટનો આ ત્રીજો બનાવ છે, જેમાંથી બે હૃદય સુરત દ્વારા આપવામાં આવ્યા છે.


**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626


**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**